# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2024** **Morning : 7.45 to 7.55**

**Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

**************************************************

- ✓ લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કાનો ચૂંટણી પ્રચાર ચરમસીમાએ... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઝારખંડમાં અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે પંજાબમાં સભા સંબોધશે
- ✓ આગની દુર્ઘટના બાદ તમામ હોસ્પિટલોને આઠમી જૂન સુધીમાં ઓડિટ રિપોર્ટ રજૂ કરવા દિલ્હી સરકારનો આદેશ
- ✓ હવામાન વિભાગે ચોમાસામાં સરેરાશ કરતાં વધુ વરસાદની આગાહી કરી....
- ✓ પાપુઆ ન્યુગીનીમાં ભૂસ્ખલનથી બે હજાર લોકો દટાયાં.. દુર્ગમ વિસ્તારને કારણે રાહત અને બચાવ કાર્યમા અનેક મુશ્કેલીઓ
- ✓ ઉઝબેકિસ્તાન સામેની બે મેચ માટેની મહિલા ટીમની જાહેરાત ...23 સભ્યોની ટીમમાં ત્રણ ગોલકિપર અને આઠ ડિફેન્ડરનો સમાવેશ.. ..

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM JHARKHAND

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે પ્રચાર ચરમસીમા પર છે.. હવે પ્રચારના બે જ દિવસ બાકી હોવાને કારણે તમામ રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે...

આજે પણ તમામ પક્ષોના નેતાઓ આક્રમક પ્રચાર કરશે જેમાં પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે ઝારખંડના દુમકા એરપોર્ટ ગ્રાઉન્ડ પર ચૂંટણી સભાને સંબોધશે. વિજય સંકલ્પ યાત્રાના એક ભાગરૂપે શ્રી મોદી દુમકા સંસદીય બેઠક પરથી ચૂંટણી લડી રહેલા સીતા સોરેનની તરફેણમાં રેલીને સંબોધશે. સીતા શોરેન ઝારખંડ મુક્તિ મોરચાના વડા શિબુ સોરેનની પુત્રવધુ છે.

ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા આવતીકાલે દેવઘરમાં ત્રણ ચૂંટણી સભાઓને સંબોધિત કરશે, જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી 30 મેના રોજ ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે પંજાબમાં બે રેલીઓને સંબોધશે.

પહેલી જૂનના રોજ ચૂંટણીના અંતિમ તબક્કા દરમિયાન ઝારખંડના સંથાલ પ્રદેશના ગોડ્ડા, દુમકા અને સાહિબગંજમાં ત્રણ મતવિસ્તારોમાં મતદાન યોજાશે. 2019ની લોકસભા ચૂંટણીમાં JMMએ તેમની એકમાત્ર સાહિબગંજ બેઠક જીતી હતી..

# PM-INTERVIEW

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, અમારો ધ્યેય આત્મનિર્ભર ભારત દ્રષ્ટિકોણ હેઠળ સ્વદેશી પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો અને રોજગારમાં વધારો કરવાનો છે.

એક સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં શ્રી મોદીએ જણાવ્યું કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા લોકોને અત્યાર સુધી ૩૪ લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. સરકારી તંત્ર દ્વારા તપાસ પર ભાર મૂકતા તેમણે જણાવ્યુ કે, સરકાર માત્ર ધારણાને આધારે નહીં પણ પુરાવા આધારિત પગલાં લે છે અને ભ્રષ્ટાચાર કોઈ સંજોગોમાં ચલાવી લેશે નહીં. તેમણે જણાવ્યું કે, સરકારનાં દરેક નિર્ણયનાં કેન્દ્રમાં ‘રાષ્ટ્ર પ્રથમ’ની ભાવના રહેલી છે.

# DELHI HOSPITAL

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના આરોગ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે દિલ્હીની તમામ હોસ્પિટલોને જૂનની 8મી તારીખ સુધીમાં તેમનું ફાયર ઓડિટ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. વિવેક વિહારમાં એક બાળકોની હોસ્પિટલમાં તાજેતરની આગના સંદર્ભમાં આરોગ્ય અધિકારીઓ સાથે તેમણે બેઠક કરી હતી.. આ બેઠકમાં શ્રી ભારદ્વાજે જણાવ્યું હતું કે દિલ્હી સરકારે આ મહિનાની 8મી તારીખે તમામ ખાનગી અને સરકારી હોસ્પિટલોને ફાયર ઓડિટ માટે પહેલેથી જ કહ્યું હતું. તેમણે કહ્યું કે અનુપાલન અહેવાલ 8મી જૂન, 2024 સુધીમાં દિલ્હી સરકારના આરોગ્ય વિભાગમાં રજૂ કરવાનો રહેશે. શ્રી ભારદ્વાજે એ પણ જણાવ્યું કે તમામ નર્સિંગ હોમ અને હોસ્પિટલો માટે ફાયર એનઓસી મેળવવું ફરજિયાત છે.

અગાઉ નવ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી હોસ્પિટલો ફાયર એનઓસી વિના કાર્યરત હતી. દરમિયાન, ગરમીની સ્થિતિને ધ્યાનમાં રાખીને, દિલ્હીના આરોગ્ય મંત્રી દિલ્હીની 26 સરકારી હોસ્પિટલોમાં હીટસ્ટ્રોકથી પીડિત દર્દીઓ માટે દરેક હોસ્પિટલમાં બે બેડ અનામત રાખવાનો નિર્દેશ આપ્યો છે. વધુમાં, LNJP હોસ્પિટલમાં પાંચ પથારીઓ અનામત રાખવામાં આવશે. બીજી તરફ ભાજપે આ દુર્ઘટના માટે દિલ્હી સરકારને જવાબદાર ગણાવી છે. દિલ્હી ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ આરોપ લગાવ્યો કે હોસ્પિટલે જરૂરી માપદંડોને પૂર્ણ કર્યા નથી,તેમ છતાંવહી વટીતંત્રે તેને મંજૂરી આપી હતી.

# RAJKOT- OFFICERS TRANSFER

રાજકોટની ગેમઝોન દુર્ઘટનાના પગલે ગુજરાત સરકાર કડક પગલા લઇ રહી છે. રાજ્ય સરકારે રાજકોટના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની બદલી કરવામાં આવી છે. જ્યારે એડીશનલ પોલીસ અધિકારી વિધિ ચૌધરીની પણ બદલી કરી દીધી છે. રાજકોટના ડેપ્યુટી પોલીસ કમિશ્ન ઝોન-2ના સુધીર કુમાર દેસાઇની પણ બદલી કરી દેવાઇ છે.

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારે 7 અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફીના આદેશ આપ્યા છે.

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં જરૂરી મંજુરીઓ વિના શરૂ કરવા દેવાની ગંભીર નિષ્કાળજી અને ફરજક્ષતિ  અંગે રાજ્ય સરકારે પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે.

# IMD

ભારતીય હવામાન વિભાગે આ વર્ષે ચોમાસાની મોસમ જૂનથી સપ્ટેમ્બર દરમિયાન શરૂ થશે તેવી આગાહી કરી છે. સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદની પણ હવામાન વિભાગે આગાહી કરી છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસાની શક્યતાઓ જાહેર કરતાં હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે સિઝનનો વરસાદ 106 ટકા રહેવાની સંભાવના છે.

તેમણે ઉમેર્યું હતું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસાનો વરસાદ મધ્ય ભારત અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં સામાન્ય કરતાં વધુ, ઉત્તર પશ્ચિમ ભારતમાં સામાન્ય અને ઉત્તરપૂર્વ ભારતમાં સામાન્ય કરતાં ઓછો રહેવાની સંભાવના છે.જૂન મહિનામાં સમગ્ર દેશમાં સામાન્ય વરસાદની અપેક્ષા છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસા માટેતેની પ્રથમ તબક્કાની આગાહીમાં, IMD એ સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરી હતી અને બીજા તબક્કાની આગાહીમાં કોઈ ફેરફાર થયો નથી.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

# J-K--KASHMIR-TOURIST-INFLUX

દેશનાં મોટાંભાગનાં વિસ્તારોમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યું છે, ત્યારે આકરા તાપમાં રાહત મેળવવા પર્યટકો પૃથ્વી પરનાં સ્વર્ગ સમાન કાશ્મીરની વાટ પકડી રહ્યા છે.

શ્રીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર દૈનિક ધોરણે ૧૫થી 100 જેટલી ફ્લાઇટની અવરજવર થાય છે. દેશનાં વિવિધ ભાગોમાંથી પર્યટકો શ્રીનગરનાં વિશ્વ પ્રસિધ્ધ દાલ સરોવરની સુંદરતા જોવા આવે છે. આ ઉનાળામાં રાજ્યમાં પર્યટકોની સંખ્યામાં તીવ્ર વધારો નોંધાયો છે.

શ્રીનગરના દાલ સરોવર ઉપરાંત પર્યટકો ઉત્તર કાશ્મીરનાં બરફાચ્છાદિત ગુલમર્ગની મુલાકાત લેવાનું પણ ચૂકતા નથી. આ ઉપરાંત, પહેલગાંવ અને સોનમાર્ગ જેવાં પ્રસિદ્ધ ગિરિમથકો પણ પર્યટકોનાં મનપસંદ સ્થળો છે.

# MUMBAI PREMOONSOON

બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચોમાસા પહેલાની તૈયારીઓ થઇ રહી છે. વરિષ્ઠ અધિકારીઓએ સોમવારે શહેરના પૂર્વ ઉપનગરોમાં પ્રિ-મોન્સુન સંબંધિત vકામગીરીનું  નિરીક્ષણ કર્યું હતું. BMC દ્વારા સત્તાવારનિવેદન અનુસાર, ડ્રેનેજ કાર્યક્ષમતા વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એડિશનલ મ્યુનિસિપલ કમિશનર ડૉ.અમિત સૈનીએ નિર્દેશ આપ્યો છે કે મુંબઈમાં ચોમાસા દરમિયાન પૂર નિયંત્રણ અને વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી શરૂ કરી દેવામાં આવે..

ડૉ. અમિત સૈનીએ મુખ્ય અધિકારીઓ સાથે સોમવારે ઘાટકોપર, વિક્રોલી અને મુલુંડ વિસ્તારોમાં વિવિધ સ્થળોનું સીધું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત બાદ શહેરના પૂર્વ ઉપનગરોમાં એન વોર્ડ ઓફિસ ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ડ્રેનેજ સિસ્ટમની સફાઈ અને જાળવણી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવી સૂચના પણ સમીક્ષા બેઠકમાં અધિકારીઓને અપાઇ હતી..

દરમિયાન, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી  એકનાથ શિંદેએ ચોમાસા પહેલા BMC દ્વારા ગટરના પાણીના નિકાલનું નિરીક્ષણ કર્યું હતું અને અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. રવિવારે નિરીક્ષણ દરમિયાન, તેમણે એમ પણ કહ્યું હતું કે જો પાણી ભરાશે તો સંબંધિત અધિકારીઓને કાર્યવાહીનો સામનો કરવો પડશે..

# ISREAL HAMAS

હમાસે મધ્યસ્થીઓને જણાવી દીધુ છે કે  ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ અથવા કેદીઓના આપલેના સોદા માટે કોઈપણ વાટાઘાટોમાં ભાગ લેશે નહીં. રવિવારે રાત્રે દક્ષિણના ગાઝાન શહેર રફાહ પર ઇઝરાયેલના તાજેતરના હુમલાના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, રફાહ શહેર નજીક વિસ્થાપિત લોકોના આશ્રયસ્થાનો પર ઇઝરાયેલના હવાઈ હુમલામાં બાળકો અને મહિલાઓ સહિત ઓછામાં ઓછા 45 પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા.

હમાસના વરિષ્ઠ અધિકારી ઓસામા હમદાને બેરૂતમાં એકપ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જ્યાં હમદાને કહ્યું હતું કે  તેમની શરતોને આધિન જ  બંધકોને સોંપાશે .. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે કાયમી યુદ્ધવિરામ સહિતની જે હમાસની શરતો છે તે હજુપણ  યથાવત જ છે.

# GOLD SEIZER

મુંબઈ કસ્ટમ્સે સોમવારે જણાવ્યું હતું કે છેલ્લા ચાર દિવસમાં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 8.68 કરોડ રૂપિયાનું 10.6 કિલો સોનું અને ઈલેક્ટ્રોનિક્સ સામગ્રી  જપ્તકરી છે. તદુપરાંત 31 કેસમાં વિદેશી ચલણ પણ જપ્ત કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ જપ્તી વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે  છેલ્લા ચાર દિવસમાં જપ્તીના સંબંધમાં ત્રણ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ કસ્ટમ ઝોન-ત્રણ  દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, મીણમાં સોનાની ધૂળ, ક્રૂડ જ્વેલરી અને બાર, ઇલેક્ટ્રિક આયર્ન અને પેસેન્જરના શરીરમાં છુપાવેલુ હોય તે સ્વરૂપમાં સોનુ જપ્ત કરવામાં આવ્યું હતું...

એક કેસમાં, અધિકારીઓએ એરપોર્ટના એક કોન્ટ્રાક્ટ કર્મચારીની ધરપકડ કરી હતી, જેણે મીણમાં સોનાની ધૂળના ચાર પાઉચ છુપાવ્યા હતા, જેની કિંમત રૂ. 81.8 લાખ છે, લેપટોપ, મોંઘા ફોન, વિદેશી ચલણ પણ કબજે કરવામાં આવ્યું હતું..ચાર દિવસના ઓપરેશન દરમિયાન અધિકારીઓએ નૈરોબી, દુબઈ અને કોલંબોથી મુસાફરી કરી રહેલા પાંચ વિદેશી નાગરિકો અને દુબઈ, જેદ્દાહ, શારજાહ અને સિંગાપોરના 14 ભારતીયો પાસેથી સોનું પણ જપ્ત કર્યું હતું.

# PAPUA NEW GUINEA- LANDSLIDE

પાપુઆ ન્યૂ ગિનીમાં શુક્રવારે થયેલા ભૂસ્ખલનમાં આશરે બે હજાર લોકો દટાઈ ગયા હોવાનું માનવામાં આવે છે. રાષ્ટ્રીય આપત્તિ કેન્દ્રએ સંયુક્ત રાષ્ટ્રને જાનહાનિનો નવો આંકડો આપ્યો છે, જે અગાઉનાં અંદાજની સરખામણીમાં અનેક ગણો વધુ છે.

બચાવકર્તાઓ અંતરિયાળ વિસ્તારોમાં મૃતકોને શોધવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. અહીં સુધી ભારે ઉપકરણો અને રાહત સામગ્રી પહોંચાડવામાં અડચણો આવી રહી છે. આ વિસ્તારમાં સતત પથ્થર પડી રહ્યા હોવાથી અને જમીન પર સતત દબાણ વધી રહ્યું હોવાથી જોખમ વધ્યું છે.

વિદેશમંત્રી ડો. એસ જયશંકરે સોશિયલ મિડીયા પોસ્ટમાં આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સંકટનાં આ સમયમાં ભારત પાપુઆ ન્યુ ગિનીની સરકાર અને લોકોની સાથે છે.

# FRENCH OPEN

ફ્રેન્ચ ઓપન ટેનિસમાં, ભારતીય ખેલાડીઓ, રોહન બોપન્ના અનેયુકી ભામ્બરી, આવતીકાલે પેરિસમાં મેન્સ ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં તેમના અભિયાનની શરૂઆત કરશે. બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન સાથી મેથ્યુ એબ્ડેનની બીજી ક્રમાંકિત જોડીનો મુકાબલો ફિનલેન્ડના એમિલ રુસુવુરી અને હંગેરીના માર્ટન ફુકોસોવિક સાથે થશે. જ્યારે, ભામ્બરી અને અલ્બાનો ઓલિવેટ્ટીની બિનક્રમાંકિત જોડી આવતીકાલે રશિયાના રોમન સફીયુલિન અને ઓસ્ટ્રેલિયાના જોન પીર્સ સામે ટકરાશે.

દરમિયાન, મેન્સ સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં, ભારતના સુમિત નાગલને આજે રશિયાના કેરેન ખાચાનોવ સામે 2-6, 0-6, 6-7થી સીધા સેટમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

# FOOT BALL

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશને ઉઝબેકિસ્તાન સામે આગામી બે આંતરરાષ્ટ્રીય મૈત્રી મેચો માટે 23-સભ્યોની ભારતીય વરિષ્ઠ મહિલા ટીમની ટીમની જાહેરાત કરી છે. ટીમમાં ત્રણ ગોલકીપર, આઠ ડિફેન્ડર, આઠ મિડફિલ્ડર અને ચાર ફોરવર્ડનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ રાષ્ટ્રીય ખેલાડી લંગમ ચાઓબા દેવી મુખ્યકોચ રહેશે. બ્લુ ટાઇગ્રેસ તેમની પ્રથમ મેચ શુક્રવારે ઉઝબેકિસ્તાન સામે રમશે, જ્યારે બીજી મેચ 4 જૂને રમાશે.

પૂલ- હર્ષલ પંડ્યા